

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*પંચવર્ષીય દૃષ્ટાએ જોયાં ને બતાવ્યાં સપના !*
*મોહને વગાડી વાંસળી ને બોલ્યા - બોલ ખપના !*
*હોમી સત્તા અટલ-મોરારજીને સિદ્ધાંત હોળીમાં -*
*'આ' રહ્યા 'સ્ટાર-પ્રચારક' ન કોઈ ખપના...*
*(આપણા વડાપ્રધાનો...)*

**હાઈકુ**

*ગાંઠે ન કોઈ -*
*લાચાર છે સંહિતા,*
*પોચકું પંચ !!*

*નીતિ નિયમો -*
*જાણે ધાર્મિક ગ્રંથ...*
*રાખો પૂજામાં...*

### ચિંતન

*યોગસ્ય પ્રથમં દ્વારં વડ્નિરોધોડ પરિગ્રહ: ।*
*નિરાશા ચ નિરીહા ચ નિત્યમેકાન્તશીલતા ॥*

ઉપરોક્ત શ્લોક 'વિવેચ ચૂડામણિ ગ્રંથ'માંથી લેવામાં આવેલ છે.

વાણીનો નિરોધ કરવો, દ્રવ્યસંગ્રહ ન કરવો, લૌકિક લાભોની આશા છોડવી, કામનારહિત થવું અને નિત્ય એકાન્ત સેવન કરવું, આ બધાં યોગનાં પ્રાથમિક દ્વાર સાધનો છે.

કેટલાંક લોકો બહુ બોલ-બોલ કરે ગમે તેની વાતમાં પૂછ્યા વિના કૂદી પડે અને પોતાના સલાહ સૂચન અભિપ્રાય આપે છે. વાણી પર કાબૂ રાખવો.

ધન સંચય ન કરવો... દરેક પાસે દરેક પ્રસંગ લૌકિક લાભની આશા ન રાખવી.

ઈચ્છાઓ - અપેક્ષાઓથી દૂર રહેવું.

એકાંતમાં રહેવું.

આ યોગ અને યોગીના લક્ષણ છે.

### સુવિચાર

- બંધારણ ગમે તેટલું સારું હોય તો પણ તેનો અમલ કરનારા માણસો સારા ન હોય તો તે અવશ્ય ખરાબ નીવડશે - **ડો. બાબાસાહેબ આંબેડકર**
- માણસ કદી કોઈ સારું કાર્ય કરતો જ નથી સિવાય કે એવી તાતી જરૂરિયાત ઊભી થાય - **સંત રોબિન**
- જે આજ્ઞાપાલનની અપેક્ષા રાખે છે તેને સત્તાની જમાવટ કરતાં આવડવું જોઈએ - **ચર્ચિલ**
- ચિર પ્રતીક્ષિત સમય (મોકો) એક જ વાર આવે છે, (ચૂકી જવાય) પછી તો દુર્લભ જ છે, માટે (સમયસર) કાર્ય કરી લેવું - **ચાણક્ય**
- માનવી માત્ર સપનું જોતો હતો, સંસોધન અને ટેકનોલોજીથી સપનાનું નક્કર સર્જન થઈ શકે છે - **ડો. વોલ્ટન**
- બુદ્ધિમાનો માટે સમગ્ર સંસાર ગુરુ છે, શત્રુ તો કેવળ મૂર્ખો માટે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : ખેર છાલને પાણીમાં ઉકાળી ગાળી તે પાણી વડે બાળકને સ્નાન કરાવવાથી ત્વચામાં કાંતિ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક છોકરો ખૂબ હોંશિયાર અને મહેનતથી આગળ વધવાનો અભિગમ રાખતો, માતા-પિતાની આજ્ઞામાં રેહનારો ટોપર વિદ્યાર્થી હતો. ધોરણ બાર પછી સારી કૉલેજમાં પ્રવેશ મેળવ્યા બાદ. તેનામાં ફેરફારો શરુ થયા. કૉલેજમાં ન જવું, સરખું વાચવું બંધ કર્યું. જુઠ્ઠું બોલીને ઘરેથી પૈસા માંગી મોજશોખમાં પૈસા વાપરવા વગેરે. આવો પ્રતિભાશળી છોકરો આવું કેમ કરતો હશે ? તો જાણવા મળ્યું કે તે ખરાબ સોબતમાં પડી ગયો હતો, તેણે ઘણું સમજાવ્યો પણ તેનો જવાબ હતો, 'હવે હું મારું સાચું-ખોટું નક્કી કરી શકું છું. મારી સોબત ગમે તે હોય એની અસર મારા અભ્યાસ પર નહીં પડે.' એમ કરતાં કરતાં વાર્ષિક પરીક્ષા આવી. અને છોકરો નાપસ થયો. તે ખૂભ નાસીપાસ અને દુઃખી થયો. ત્યારે આ વાતની ખબર તેની શાળાના આચાર્યને પડી. એ આચાર્યનો માનીતો છોકરો હતો. આથી એમણે છોકરાને ઘરે બોલાવ્યો. છોકરાએ જોયું કે આચાર્ય ગાર્ડનમાં બેસી સગડી તાપી રહ્યો છે, છોકરો પણ ચૂપચાપ તેમની સામે બેસી તાપવા લાગ્યો. થોડીવારમાં આચાર્યાએ ચીપીયાથી એક કોલસો લીધો અને ધૂળમાં નાખ્યો. થોડીકવાર તો કોલસો લાલ રહ્યો પણ પછી તે બુઝાઈ ગયો. ત્યારે છોકરાને આશ્ચર્ય થયું. એટલે એણે આચાર્યને પૂછ્યું, 'તમે સળગતો કોલસાને માટીમાં કેમ નાખ્યો ? હવે તો એ નકામો થઈ ગયો.' આચાર્ય મરક મરક હસ્યા અને એ કોલસો ફરી ચીપીયાથી પકડીને સગડીમાં મૂકી દીધો. આમ કરતા તે કોલસો ફરી આગમાં ફેરવાઈ ગયો. ત્યારે આચાર્યએ છોકરાને કહ્યું, 'કંઈ ખબર પડી બેટા ? તું પણ આ કોલસા જેવો છે, જયારે સારી સંગતમાં હતો ત્યારે સારા માર્ક્સ લાવતો હતો, થોડીવાર માટે તું ખરાબ સોબતમાં ચાલ્યો ગયો, એનો અર્થ એ નથી કે તું બેકાર થઈ ગયો, ફરી સારી સોબતમાં આવી જાઓ, સદાચાર પર જીવો તો તું ફરી ઉત્તમ વિદ્યાર્થી બની શકે છે.' છોકરાએ આચાર્યને આંખમાં આંસુ સાથે સુધરી જવાનું વચન આપ્યું.

# પ્રચારમાં વધતો વાણીવિલાસ

**તંત્રીસ્થાનેથી...**

ઈશ્વરે માનવીને વાણીનું વરદાન આપી અન્ય પ્રાણી કરતાં ચડિયાતો બનાવ્યો ત્યારે કદાચ એને સ્વપ્નેય કલ્પના નહીં હોય કે આ જ વાણી મારફત માનવી એના સડેલા મગજની દુર્ગંધ પણ વહેતી મૂકશે. રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ પાસે મતદાર સમુદાયને વધુ નહીં તો વિવેકી ભાષાની અપેક્ષા રહે જ. આખરે સત્તા પણ લોકશાહીમાં તો લોકસેવાનું જ માધ્યમ છે. એ સત્તા મેળવવા માટે રાજકીય પક્ષો વચ્ચે સ્પર્ધા થાય ત્યારે એકમેકની ઊણપો પ્રત્યે મતદાતાઓનું ધ્યાન દોરવાની પણ જરૂર પડે. પરંતુ કાળાને કાણો કહી દુઃખી કરવા કરતાં 'એ સજ્જન કમનસીબે એક આંખ ગુમાવી ચૂક્યા છે. જેનો આપણને અફસોસ છે' એવું પણ કહી શકાય. ચૂંટણી પ્રચારમાં વ્યંગબાણોનો વરસાદ થાય છે ત્યાં સુધી બરાબર છે, પરંતુ જયારે શિષ્ટતાની હદ વટાવી એકબીજાને જાહેરમાં નિર્વસ્ત્ર કરવાની ચેષ્ઠા થાય છે ત્યારે આપણી સંસ્કારિતાને બટ્ટો લાગે છે. સામી વ્યક્તિની સાત પેઢીઓની ખબર લઈ નાખવાની આ પદ્ધતિ કદાચ ભારતીય લોકશાહીને અનુકૂળ આવી ગઈ છે, બાકી શિષ્ટતા અને માનવીય ગૌરવના માપદંડથી એ બરાબર ન ગણાવી જોઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ ભાજપના તમામ દિગ્ગજ નેતાઓ રાહુલ-સોનિયા વિરુદ્ધ હેલિકોપ્ટર સોદાના વચેટિયા ક્રિશ્ચિયન મિશેલને 'મિશેલ મામા' નો વારંવાર ઉલ્લેખ કરાતો રહે છે. ઑગસ્ટા વેસ્ટલેન્ડની પાસેથી ખરીદાયેલ ચોપરમાં લેતીદેતી નહીંજ થઈ હોય એવું માની લેવાનું કારણ નથી. કદાચ ઈડી જે રીતે મિતાક્ષરી નામોનું અર્થઘટન કરી રહેલ છે તે સાચું નીકળે તો એ ગમે તેવી ઊંચી કક્ષાએ આરૂઢ થયેલી વિભૂતિઓ જ કેમ ન હોય - એમને યોગ્ય સજા થવી જોઈએ. પરંતુ ભાષાવિવેક ચૂકીને એ કહેવાતો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી એના નામે કંઈ પણ દુષ્પ્રચાર કરી ચૂંટણીલાભ રળી લેવાની વાત બરાબર ન જ ગણાય. એ જ રીતે રાહુલ ગાંધી 'ચોકીદાર ચોર હૈ - ચોરને જેલમાં પૂરી દઈશું.' - જેવા લવારા કરે છે તે પણ યોગ્ય નથી. રાફેલ સોદામાં ગરબડ થઈ હોય તો તેની તપાસ જરૂર થવી જોઈએ. એમાં મોટા ચમરબંધીની સંડોવણી હોય તો એને પણ નશ્યત થવી જોઈએ. પરંતુ એકબીજા પર કાદવ ઉછાળીને કે એની આબરૂના ધજાગરા કરીને મતદારોને પોતાની તરફેણમાં કરવાનો પ્રયાસ એ તો નરી નાગડદાઈ જ લેખાશે. ઈડીની ચાર્જશીટ પાર્ટીને મળે એ પહેલાં મીડિયાને મળી જાય તે ખરેખર તો અદાલતની અવમાનના ગણાય. જો ખરેખર આ પ્રકારની સંડોવણી થયેલી હોય તો પણ જયાં સુધી કોર્ટ ચુકાદો ન આપે ત્યાં સુધી એનો ચૂંટણી પ્રચારમાં ઉલ્લેખ ન થવો જોઈએ. પરંતુ આપણા નેતાઓ તો સેનાને પણ વડાપ્રધાનની સેના કહી જશ લેતા ફરે છે, ત્યાં આવા સિદ્ધાંતો કે આદર્શોની ચર્ચા જ શા ખપની ?

# ડાયાબિટીસ, બીપી, એસિડીટી, થાઈરોઈડ, વધેલું વજન ઘટાડવા માટે શરીરના બધા જ રોગો માટે... એક રામબાણ ઈલાજ...



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર

સવાલ એ થાય કે ઉપરના રોગો તો બધા હઠીલા દર્દ છે પણ શું ? ડેન્ગ્યુ, મલેરિયા, ટાઈફોઈડ, ન્યુમોનિયા જેવા દર્દ પણ તમે જે કહેવા જઈ રહ્યા છો એનાથી મટી શકે ? હા, એવું કહેવાય છે કે માનવજાત રાંધેલો ખોરાકનો ઉપયોગ કરે છે. તેમ માનવ સિવાયના કોઈ પણ પ્રાણીઓ પોતાના આહારને રાંધીને ખાતા નથી તો તમે તરત જ કહેશો કે મનુષ્ય જાતએ બુદ્ધિશાળી પ્રાણી છે. માનવજાતે હજારો વર્ષથી પોતાનામાં રહેલી બુદ્ધિ અને આવડતને લીધે વૈજ્ઞાનિક રીતે સંશોધનો કરી ચંદ્ર અને મંગળ સુધી હરણફાળ ભરી છે. પ્રાણીઓ હજારો વર્ષથી જે પરિસ્થિતિમાં છે તેની એ જ દશા અને દિશામાં છે. દા.ત. એક દાખલો છે કદાચ સત્ય હોય અથવા તો ન પણ હોય હજારો વર્ષ પહેલાં વાંદરાઓની ટોળી એક ઝાડ પરથી બીજા ઝાડ પર કુદાકુદ કરતા.

એ વાંદરાની ટોળીનો એક નેતા જો પ્રાણી જગતમાં બુદ્ધિશાળી પ્રાણી અને ઓછી બુદ્ધિવાળી પ્રાણી બંનેમાં એક વાત કોમન નીકળે છે કે બંને પ્રકારના પ્રાણીઓમાં નેતા ટોળીનો હોવો જોઈએ. એ નેતાએ એવું ફરમાન કર્યું આપણી વાંદરાઓની જમીન ઉપર કયારેય પણ જમીન પર પગ ના મુકાય. આ ટોળીમાં થોડા વાંદરા ઝનુની અને જુવાન હતા. એમણે નક્કી કર્યું, કોઈ પણ સંજોગોમાં આપણે જમીન ઉપર ઉતરવું છે. ટોળીનાં નેતાની ના હવા છતાં એની ગેરહાજરીમાં અમુક વાંદરાઓ જમીન ઉપર ઉતર્યા. કાળક્રમે વર્ષો જેમ વીતતા ગયા તેમ જે વાંદરાઓ જમીન ઉપર ઉતર્યા હતા તે વાંદરાઓ કાળક્રમે ધીમે ધીમે એમની પાછળની પૂંછડી ઘસાઈ ગઈ. ચાર પગની જગ્યાએ એ બે પગે ચાલવા માંડ્યા અને એ માનવજાત તરીકે ઓળખાવા લાગ્યા.

ટૂંકમાં જે પ્રાણીઓએ બુદ્ધિ વાપરી તેને મનુષ્ય નામનું પ્રાણી કહેવામાં આવે છે. હજારો વર્ષ પછી મનુષ્ય નામના પ્રાણીઓ અથવા તો માનવજાતે ખુબ જ પ્રગતિ કરી છે. પ્રાણીઓ હજુ હજારો વર્ષ જૂની આદતોમાં જ છે જોકે તેમાં થોડા થોડા ફેરફારો થયા છે પણ માનવજાતે જે ફેરફારો કર્યા છે તેવા માનસિક, ભૌતિક ફેરફારો પ્રાણીઓ નથી કરી શક્યા. ગાય ગાય છે. ભેંસ ભેંસ છે. ઊંટ ઊંટ છે. હાથી હાથી છે ને સિંહ સિંહ છે.

એમનામાં માનસિક અને શારીરિક ફેરફારો થયા નથી. માનવજાતમાં પણ બે પગ છે. બે આંખ છે. આંગળીઓ એની એ જ છે તો ફેરફાર શું થયો ? માનસિક માનવજાતે પોતાનું મગજ વાપરી બુદ્ધિ વાપરી કલ્પના ન કરી શકાય એવા સુધારા કર્યા અને આજે બુદ્ધિના પ્રતાપે બીજા બધા માનવીઓ કરતા ખૂબ જ આગળ છે. એ નક્કી વાત કે બીજા બધા પ્રાણીઓ માનવજાતની સરખામણીમાં બહુ પાછળ છે. તો આપણે સમજવા શું માંગીએ છીએ; તો અહીંયા આપણે એક જ મુદ્દો લઈએ માનવજાતે ખૂબ જ બુદ્ધિ વાપરીને પ્રગતિ કરી છે. તેની સાથે શરીરમાં અસંખ્ય એવા રોગનું નિર્માણ કર્યું છે. જયારે અન્ય પ્રાણીઓમાં રોગનું નિર્માણ ખુબ જ ઓછું અથવા તો નહિવત છે.

એવું કયાંય સાંભળ્યું કે પોપટને તાવ આવ્યો, પોપટને ટાઈફોઈડ થયો, ભેંસને ડેન્ગ્યુ થયો, ઘોડાને ન્યુમોનિયા થયો, કૂતરાને ટાઈફોઈડ થયો, તમે બધા જ કહેશો ના... તો સવાલ એ થાય કે માનવજાત પણ પ્રાણી જ છે. તો એને જ કેમ બધું થાય છે. એમાં એવાં શું ફેરફારો થયા... માનવજાતે પોતાના બુદ્ધિનો ઉપયોગથી જે પણ સિદ્ધિઓ હાંસલ કરી છે તેમાં રાંધેલો ખોરાક જે માનવી આરોગે છે તેની સામે અન્ય પ્રાણીઓ કાંચુ ખાય છે. એટલે પ્રકૃતિએ જે આપ્યું તે ખાય છે. ગાય, ભેંસ અને અન્ય જંગલી પ્રાણીઓ જંગલમાં જે મળે તે ખાય છે. પણ કાચું ખાય છે. એટલે પ્રશ્ન એ થાય કે કાચું કાવું એના કરતાં રાંધેલું ખાવું એ માનવજાતની પ્રથમ જરૂરિયાત છે પણ મનુષ્ય બુદ્ધિશાળી છે કાચું ખાવાથી આપણને બેકટેરિયા, વાયરસ, ફન્ગસ વગેરેનો ભય રહેલો હોય છે. એટલે માનવજાત રાંધેલો ખોરાક ખાય છે. એટલે શરીરમાં રહેલી રોગપ્રતિકારક શક્તિ એટલે કે ઈમ્યુનિટી શરીરમાં ઓછી થતી જાયછે અને તેને લીધે શરીરમાં રોગોને જગ્યા મળે છે. આમાં બીજા બધા કારણો પણ હોઈ શકે. અત્યારે કાચા ખોરાકની જ ચર્ચા કરીશું...

(ક્રમશઃ)

# હવે મુસલમાનોએ જાગવાની જરૂર છે



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

હિંદુસ્તાન - પાકિસ્તાન વચ્ચે છેલ્લા ૭૦ વર્ષથી વિવાદ અને છૂપું યુદ્ધ ચાલી રહ્યું છે. એનાથીએ આગળ વધીને ઈતિહાસમાં નજર કરીશું તો પણ હિંદુસ્તાન ઉપર અનેક મુસ્લિમ શાસકોએ આક્રમણ કરીને, પ્રજાને અત્યંત પ્રતાડિત કરીને, કત્લેઆમ કરીને અહીં હિંદુ પ્રજાના માનસમાં ઝેરના બીજ વાવ્યા છે. પરંતુ ઈતિહાસને ઈતિહાસમાં જ રહેવા દઈએ તો હિંદુસ્તાનના ભાગલા પડ્યા ત્યારથી આ નાસૂર આપણા દેશને પીડા આપી રહ્યો છે. ભાગલા વખતે કાશ્મીરનો જે પ્રાણ પ્રશ્ન હતો તે આજે પણ એટલો જ સળગી રહ્યો છે. આ રીતે કાશ્મીર સમસ્યા હિંદુસ્તાન માટે માઈગ્રેનના દુખાવા સમાન છે. છેલ્લા એકાદ દોઢ મહિનાથી એક આતંકી ઘટનાએ આ તનાવને બન્ને દેશ વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ ઊભી કરી દીધી છે. આવી સ્થિતિના મૂળમાં માત્ર અને માત્ર હિંદુ અને મુસ્લિમ કૉમના મનમાં એકબીજા માટે ભરેલું ઝેર પણ છે. દેશની સ્વતંત્રતાના સમયે તો મુસ્લિમોએ પાકિસ્તાન જુદું માગી લીધું, પણ એ વખતે થયેલી કત્લેઆમથી જાતિવાદી ભાવનાને પણ જન્મ આપી ઝેરના બીજ રોપી દીધા હતા. આવા ઘણા કિસ્સા ઈતિહાસ, ગ્રંથો અને અખબારોના પૃષ્ઠો પર અંકિત થયેલા છે. પરંતુ એ બધુ થયું હતું. મારે તો આજની વર્તમાન સ્થિતિની વાત કરવી છે. જો આ વાત આજે નહીં સમજવામાં આવે તો આવતી અનેક પેઢીઓ સુધી આ વેરઝેરનું ચક્ર વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેશે જેને પછી રોકવું અશક્ય હશે.

કહેવાય છે કે ભારતમાં આજે મુસ્લિમોની વસ્તી ૧૪ ટકાની આસપાસ છે. એટલે કે લગભગ ૧૮ કરોડ જેટલા મુસ્લિમો હિંદુસ્તાનમાં વસે છે. પાકિસ્તાન ૧૯૪૭થી હિંદુસ્તાનને પરેશાન કરતું આવ્યું છે. પરંતુ અહીના પ્રબુદ્ધ શિક્ષિત મુસ્લિમો ચૂપ છે. જેને કારણે હવે આ બન્ને કૉમને – અલગ કરીને રાજકીય નેતાઓએ પોતાની વૉટબેંકના પ્યાદા બનાવી દીધા છે. વર્ષ ૨૦૦૧માં જ્યારે કાશ્મીરમાં બોર્ડર પર ગોળીબાર થઈ રહ્યો હતો ત્યારે પંજાબની વાઘા બોર્ડર પર હિંદુ-મુસ્લિમ સૈનિકોને એક સાથે ટિફિન ખોલીને ભાઈચારાથી સાથે જમતા મેં મારી નજરે જોયા છે. પરંતુ બન્ને દેશની રાજનીતિએ પોતપોતાની પ્રજાને મોટેભાગે ગેરમાર્ગે જ દોરી છે.

સૌ પ્રથમ પાકિસ્તાનની વાત કરીએ તો પાકિસ્તાનમાં પણ મુસ્લિમો સુખી નથી. કેમ કે ત્યાં પણ મુસ્લિમોમાં ઉચ્ચ-નીચના ભેદભાવ છે. 'જમાતે ઈસ્લામિક' માનનારો મુસ્લિમોનો મોટો વર્ગ 'હિંદી મુસલમાન'ને ગૈર મુસ્લિમ માનીને તેમની સાથે ઓરમાયું વર્તન કરે છે. વળી કેટલાક આતંકી તત્વોએ પોતાની શૈતાની ઝનૂની માનસિકતાને કારણે હિંદુસ્તાન અને સમગ્ર વિશ્વમાં પોતાની હકૂમત સ્થાપવા ત્યાંની યૂવાપેઢીને જેહાદના નામે, ઈસ્લામના નામે ગૂમરાહ કરીને આતંકી બનાવે છે. એ આપણે સૌ જાણીએ છીએ. આવા હજારો નહીં પણ લાખો પાક મુસ્લિમ યુવાનોને વિકાસના માર્ગે લઈ જવાને બદલે મોતના ખેલમાં ખેંચી જવા એ કેટલે અંશે વાજબી છે ? પાકિસ્તાનમાં વસતા હિંદુઓની અવદશા ઉપર તો અનેક પુસ્તકો લખાય એવી કહાનીઓ છે. આવી કોઈ કથા ઉપર હજી સુધી કેમ કોઈ હિંદી ફિલ્મ નથી બની એ જ આશ્ચર્યની વાત છે. એવી જ કંઈક દશા ત્યાંના મુસ્લિમોની પણ છે. ત્યાં આજે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે સરકાર કે આર્મી કે આતંકી સામે લડી શકવાની પ્રજામાં હિંમત કે શક્તિ રહી નથી. અને આવા તત્વો જેહાદ કે ઈસ્લામ કે કુરાનને નામે ભોળા, ધર્મભીરુ ગરીબ મુસ્લિમોના બેરોજગાર યુવાનોને પોતાના કેમ્પમાં લઈ જઈને તેમના માનસમાં હિંદુસ્તાન પ્રત્યે ઝેર ભરીને જીવતા બોમ્બ બનાવી અહીં મારવા ને મરવા મોકલી દે છે. કદી એવું સાંભળ્યું કે આ આતંકી આકાઓના સંતાનો જેહાદ કરવા માનવબોમ્બ બનીને હિંદુસ્તાન આવ્યા ? ના, તેઓના સંતાનો તો આ બધી સ્થિતિથી ક્યાંય દૂર વિદેશોમાં કોઈ સુપર યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી રહ્યા હશે કે કોઈ કંપની ચલાવી રહ્યા હશે.

આવી જ કંઈક સ્થિતિ ભારતીય મુસ્લિમોની છે. અહીંના મુસ્લિમો ભાગલા વખતે એટલે પાકિસ્તાન નહોતા ગયા કે તેમને હિંદુસ્તાનની ધરતી – વતન માટે દેશપ્રેમ હતો, તેઓ પાકિસ્તાનમાં જનારની સ્થિતિ શું થવાની છે તે જાણતા હતા. પરંતુ ત્યાના આતંકી તત્વોએ હિંદુસ્તાનમાં પણ નફરતનું ઝેર ફેલાવવા માડ્યું. અને અહીંના મુસ્લિમો ઉપર એની ઊંડી અસર થતી ગઈ છે જેના અનેક ઉદાહરણો ગુજરાત, હૈદરાબાદ, દિલ્હી જેવા અનેક રાજ્યો-શહેરોમાં જોવા મળ્યાં છે.

આપણે સૌ જાણીએ છીએ કે પાકિસ્તાનમાં અને હિંદુસ્તાનમાં આજે પણ લાખો સજ્જન અને શિક્ષિત મુસ્લિમો છે જેઓ આ દેશને પોતાનું માદરે વતન સમજે છે. જેમને હિંદુસ્તાન માટે રાષ્ટ્રપ્રેમ છે. પરંતુ તેઓ કોઈ ને કોઈ ડરથી આજે ચૂપ છે. થોડાક કટ્ટરવાદી મુસ્લિમ નેતાઓ અહીંયા પણ મજહબના નામે જેહાદી ભાષણો કરીને સમજુ અને શિક્ષિત મુસ્લિમ પ્રજાના માનસમાં હિંદુઓ પ્રત્યે ઝેર ભરે છે. જેને કારણે શિક્ષિત અને સજ્જન મુસ્લિમોની સ્થિતિ "ના ઘરના ના ઘાટના " જેવી થઈ જાય છે. આવા સજ્જન મુસ્લિમોને પણ આજે અહીંયા શહેરના સારા વિસ્તારોમાં કોઈ પોતાનું મકાન ભાડે કે વેચાતું આપતું નથી. સારા બનતા નવા ફ્લેટોમાં કોઈ ફ્લેટ નથી વેચતું. આવી અવદશાને કારણે સજ્જન મુસ્લિમ પરિવાર પણ ધીમે ધીમે મનથી હિંદુઓને નફરત કરવા લાગે છે. પરંતુ હવે બન્ને દેશોની રાજનીતિ સામે મુસ્લિમ પ્રજાએ અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે. પાકિસ્તાનમાં પણ જો ત્યાંની પ્રજા હવે નહીં જાગે અને ત્યાંના આતંકીઓ-આર્મી ફરીથી કોઈ ગંભીર ભૂલ કરી બેસસે તો હિંદુસ્તાન અને વિશ્વની મહાસત્તાઓ પાકિસ્તાનનો ખાત્મો થોડી મિનિટોમાં જ બોલાવી શકે એમ છે. અને જો એમ થશે તો લાખો મુસ્લિમ નિર્દોષ પ્રજા મરશે.


હિંદુસ્તાનમાં પણ હવે મુસ્લિમ સજ્જનોએ જાહેરમાં આવવું પડશે. જાતિવાદ કે ધર્મવાદથી ઉપર ઊઠીને રાષ્ટ્રવાદ પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રગટાવવી પડશે. ૭૦ વર્ષે હિંદુસ્તાનને એક સક્ષમ વડાપ્રધાન મળ્યા છે. અહીંના તમામ મુસ્લિમોએ આ વાતને સમજવી પડશે. કેમ કે મોદી મુસ્લિમ વિરોધી કે ઈસ્લામ વિરોધી નથી. એના અનેક ઉદાહરણો આપણને સૌને જોવા મળ્યા છે. અને વિશ્વના તમામ મુસ્લિમ રાષ્ટ્રોએ પણ મોદીની નીતિને સ્વીકારી છે.એમનું સન્માન કર્યું છે. સૌ એમની પ્રસંશા કરે છે. માનવતાની દષ્ટિએ વિચારીએ તો "ત્રણ તલ્લાક"નો કાયદો મુસ્લિમ સ્ત્રીઓનું જ શોષણ કરતો હોવાનું અનુભવાયું છે. જેને દૂર કરીને મોદીએ મુસ્લિમ સ્ત્રીઓની સામાજિક અને પારિવારિક સ્થિતિ મજબૂત અને સુરક્ષિત કરીને એમના નારીત્વનું ગૌરવ કર્યું છે. જેમ અગાઉ હિંદુઓમાં સતી પ્રથા બંધ થઈ અને દહેજનો કાયદો આવ્યો તેમ. હવે સર્વ મુસ્લિમોએ સમજવું જોઈએ કે જે કોઈ મુસ્લિમ નેતા મજહબ કે જેહાદના નામે ઝેરીલા ભાષણ કરે તેમનો બહિષ્કાર કરવામાં જ સૌની ભલાઈ છે.

તા.૨૨/ઓક્ટોબર/૧૯૪૬માં કાશ્મીરના ૧૪ હજારની મુસ્લિમ વસ્તી ધરાવતા બારામુલ્લામાં પાકના જ મુસ્લિમોએ ઘુસીને ૧૧ હજાર મુસ્લિમોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. કારણ કે તેઓ દેશના ભાગલા નહોતા ઈચ્છતા. ભાગલા વખતે અનેક મુસ્લિમો પાકિસ્તાન નથી ગયા. તો ત્યાંથી એ વખતે અનેક મુસ્લિમો હિંદુસ્તાન આવ્યા છે. શરુના વીસ વર્ષ તેઓ શરણાર્થી રહીને આજે ૫૦ વર્ષથી હિંદુસ્તાની તરીકે સન્માનથી, ગૌરવથી શાંતિથી અહીં રહે છે. પરંતુ પાકમાં આજે પણ અનેક હિંદુસ્તાની મુસ્લિમ, હિંદુઓ શરણાર્થીના રૂપમાં જ જીવે છે.

આજે પણ કાશ્મીરના તોફાનોમાં, આતંકવાદી હુમલાઓમાં મોટેભાગે ત્યાંના જ મુસ્લિમ પરાવારોના સદસ્યો મરે છે. તેઓ પણ આવી ઘટનાઓથી હવે તંગ આવી ગયા છે. પણ તેમનું સાંભળે કોણ ?

મૌલાના આઝાદે હિંદુસ્તાનના ભાગલા પહેલા ૧૯૪૬ના એક ઈન્ટરવ્યુંમાં કહેલું કે અહીંના મુસલમાનો સપોર્ટ તો પાકિસ્તાની અવામને આપે છે પણ ભવિષ્યમાં તેમણે વિચારવું પડશે કે તેમણે શું કર્યું છે. એ વખતે મૌલાનાએ કહેલું કે અગર હિંદુસ્તાન બટેગા તો પાકિસ્તાન ભી બટેગા. જે સત્ય સાબિત થયું છે. આવા મૌલાના જેવા અનેક મુસ્લિમ નેતાઓ, સંતો, ફકિરો, સર્જકો, કલાકારો, શિક્ષણ શાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો હિંદુસ્તાનમાં હતા ને આજે ય છે એમની સમજ અને શીખ લઈને હિંદુસ્તાન પ્રત્યે સાચો રાષ્ટ્રપ્રેમ સમય આવ્યે વ્યક્ત કરીશું તો દુનિયાના કોઈ દેશની તાકાત નથી કે હિંદુસ્તાન તરફ બૂરી નજર કરી શકે. અત્યારે જ આ સમય છે, સૌ મુસ્લિમ એક થઈ કોઈપણ રાજકીય પ્રલોભનમાં આવ્યા વિના જે રાષ્ટ્રહિતનું કામ કરે છે. એના પક્ષે રહીને આતંકીઓને, વિરોધીઓને, દેશના દુશ્મનોને સણસણતો તમાચો મારે અને પોતે સાચા હિંદુસ્તાની હોવાનું ગૌરવ અનુભવે. કેમ કે હવે વૈશ્વિક શાંતિ અને એકતાનો યુગ આવી રહ્યો છે. કોઈ એક જાતિ કે પક્ષ કે દેશ કે વ્યક્તિ પોતાની તાકાતથી બીજાને પરેશાન નહી કરી શકે. હવે આ વિશ્વ એક થઈ રહ્યું છે. વંદે માતરમ.

# સલાહ : લેવા કરતા આપવી વધુ ગમે ..!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

'અસલમાં કોહલીએ બુમરાહ ને બોલિંગ આપવાની જરૂર હતી ... કુલદીપ તો આમાં ધોવાઈ જ જાય' ... 'મોદીને કાંઈ ખબર પડતી જ નથી ..મારું માને તો હજી એકાદી સ્ટ્રાઈક કરી જ નાખવી જોઈ' .....'મોટા તું એક કામ કર, કાર લે ને તો સીએનજી જ લેજે ...પેટ્રોલીયુ લેવાય જ નહિ'.... 'આની વાત માનીશ નહિ, હું તો કહું છું કે કાર લેવાય જ નહિ ... એક તો ઈંધણ મોંઘુ ને ઉપરથી પાર્કિંગ ના ડખ્ખા...' 'ના ના ભૂરા કાર લેવાય જ ...બહારગામ જવું હોય તો સસ્તું પડે'...'મને પુછાય ને ? એ રેસ્ટોરાંનું ફૂડ સાવ જ બેકાર છે, ત્યાં જમવા જવાય જ નહિ એની બદલે હવે હું કહું ત્યાં જ જજો જમવા..મોજ આવશે...' 'સલાહોના સળગતા સુરજમુખીઓથી તમે અંજાઈ જાવ એ પહેલા સલાહ માટેનું એક સોનેરી સૂત્ર કહી દઉં કે' સલાહ કોઈને આપવી નહિ અને કોઈની લેવી નહિ અને લેવી તો એવી વ્યક્તિની જ લેવી જે આપણા જેવી પરીશ્થીતીમાંથી પસાર થઈ ચૂકેલ હોય '...પણ બંધુઓ શરૂઆતમાં લખ્યા એ ડાયલોગો આ સોનેરી સુત્રથી બિલકુલ વિપરીત છે...! સલાહ - આ એક એવી ચીજ છે કે જેનો વિસ્તાર કરવા, પ્રચાર કરવા અને અત્યંત ઉત્સુકતાથી આપવા માટે હું અને તમે બન્ને હરહમેશ તૈયાર જ હોઈએ છીએ ...! કોઈએ અમસ્તું પણ કાઈ કહ્યું કે પૂછ્યું નથી કે ધડાધડ સલાહોની એકે-૪૭ માંડે ફૂટવા ...જાતજાતની ને ભાતભાતની સલાહોની બુલેટ તમારા પ્રશ્ન-ચિંતા-મુસીબતને વીંધવા ૧૦૦ની સ્પીડે છૂટી પડે અને તમારા દિલો-દિમાગ ને છલની કરવા માંડે ...! અખતરા માટે પણ ક્યારેક કોઈને કઈક સલાહ માંગી શકાય એવું પૂછી જોજો અવનવી સલાહોથી તમારી ઝોલી ફાટફાટ થવા માંડશે અને જરૂરી નથી કે માંગો તો જ સલાહ મળે ... નાં રે બબુઆ ના... માંગવા કરતા વણમાંગી સલાહો આ જગતની માલીપા વધુ ભ્રમણ કરતી હોય છે .ઘણીવાર તો એટલી બધી સલાહો મળતી હોય છે કે સલાહ લેનાર એ ભૂલી જાય છે કે મેં ખરેખર આ સજ્જન કે સન્નારી પાસે ક્યાં વિષય પર સલાહ કે અભિપ્રાય માંગેલો વારુ ?

સલાહ આપવાનું વિજ્ઞાન પણ અતિ અઘરું છે . સાલું એને ભલે ને મહિનાના એન્ડમાં ત્રણ સાંધે ત્યાં તેર તૂટતા હોય પણ ફાયનાનાસીયલ પ્લાનીંગની તમને એવી જડબેસલાક સલાહ આપશે કે તમને એમ થશે કે સાલું આ તો કોઈ મહાન અર્થશાસ્ત્રી છે કે શું ? એક્ચ્યુલી સલાહ આપનારાઓની આ જ તો છે ખૂબી - ખાસિયત . પોતાની મુંજવણો કે મુસીબતોનો હાલ ભલે ને ના મળતો હોય પણ કોઈ દુખીયારાની આવી જ કોઈ મુસીબતોનો હાલ એ યેનકેન પ્રકારેણ અચૂક શોધી કાઢવાનો..! કમ સે કમ સલાહ આપવાના શોખીનોના મતે તો એમણે આપેલી સલાહ જ અકસીર હોવાની . એ છાતી ઠોકીને કહેશે કે આમ જ કર - આ જ બેસ્ટ રહેશે ...! એમને કોઈ ફર્ક નથી પડતો કે સલાહ માંગનારની પરિસ્થિતિ શું છે? પણ આમાં શું છે કે લગભગ દરેક સલાહકારને એવો વહેમ હોય છે કે સલાહ જેને આપી રહ્યો છે એના કરતા અપુન કા આઈ-કયું થોડા ઊંચા હૈ, અને મોસ્ટલી આને લીધે જ આપણને બીજાને સલાહ આપવાનું ભયંકર જનુન હોય છે જો કે એ વાત પણ છે કે આવી ધુંઆધાર સલાહો આપણે માનવી કે નહિ?

સલાહો માનવી કે નહિ એ તો સલાહ લેનારની બુદ્ધિમત્તા પર નિર્ભર છે . સલાહ આપનાર તો શું છે કે ભોળાભાવે અને ક્યારેક દયાભાવે સલાહોનો ટોપલો ખાલી કરીને જતો રહે પણ પછી એમાંથી કઈ સલાહ કામની છે એ તો લેનારે નક્કી કરવાનું હોય છે . સલાહનું તો એવું છે ને કે ગમે એને અને કોઈ પણ ટોપિક પર આપી શકાય. ઘણા તો ડોક્ટરને પણ કઈ દવા વધુ અકસીર હોય શકે એની સલાહો આપતા હોય છે - ડોક્ટર એ હોય તો શું થયું ? સલાહ તો અપાય ને ? અપરણીતો પરણેલાઓને સુખી સંસારની સલાહો આપતા પણ નજરે પડતા જ હોય છે તો છૂટાછેડા લીધેલા પ્રવચનવીરો કે વીરાંગનાઓ પણ 'દામ્પત્યજીવનને સુખી કેમ બનાવશો' એના પર એકાદું સલાહ-લેકચર જીંકતા પણ જોવા મળે જ છે...! એસી સિવાય રહી ના શકનાર પણ મોકો આવ્યે તડકાનો મુકાબલો કેમ કરવો એની સલાહો દઈ શકે છે અને થેલી લઈને શાકમાર્કેટ આવેલો ભડવીર સલાહસત્રમાં પત્નીને કાબુમાં કેમ રાખવી એનો સલાહ-બફાટ પણ કરી જાણે...! બજેટ પહેલા નાણામંત્રીને કે વડાપ્રધાનથી લઈને ફિલ્મસ્ટારો અને ખેલાડીઓને સલાહો તો હર ગલી-નુક્કડના ગલ્લાઓ પર રોજે રોજ અપાતી જ હોય છે (પછી ભલે ને એ લોકો સુધી અમુલ્ય સલાહો પહોચવાની હોય નહિ તો પણ ...)

સૌથી વધુ સલાહોની સટાસટી કેરિયરની પસંદગીના રણમેદાનમાં ઉતરવા જતા વિદ્યાર્થીવીરો અને એમના વાલીઓ સાથે અને હોસ્પીટલના બિછાને પડેલા દર્દી આગળ થતી હોય છે અને બન્ને કેસમાં સલાહો કેટલીકવાર ભવિષ્યની અત્યંત અમંગળ નિશાનીઓ સાથે આપવામાં આવતી હોય છે . કેરિયર ચોઈસ વખતે તો એટલી બધી સલાહો મળે કે પેલા બાપડાને તો એમ જ થઈ જાય કે આના કરતા પાણીપુરીની લારી શરુ કરી દઉં એ જ બેટર રહેશે ...! લો-બીપી ના લીધે હોસ્પીટલમાં દાખલ થનાર આગળ સલાહ નહિ માનો તો ફલાણા ભાઈને એટેક આવેલો ત્યાં સુધીની સલાહોરુપી અગમ્ચેતીઓ આપી દેનારા સલાહવીરોને પેલાના નાજુક જીગર પર શું વીતશે એનો ખ્યાલ હોતો નથી ..! કરે પણ શું ? સલાહ આપવી એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે એવું માનનારાને મન તો સલાહ આપીને કશુક અમુલ્ય અને અદ્વિતીય કાર્ય કર્યાનો સંતોષ જ મહત્વનો હોય છે...! અસલમાં સલાહ આપવી એ એક એવી સનાતન ચીજ છે કે જે માણસ કશું જ આપી શકે એમ હોય નહિ એ પણ સલાહ તો અચૂક આપી જ શકે ...!! શાસ્ત્રોમાં લખવાનું રહી ગયું છે કે સલાહ લેનાર જેટલો કોઈ ભોટ નથી અને સલાહ આપનાર જેટલું કોઈ જ્ઞાની નથી ...!

સાલ્લુ આમાં પણ એક ટ્વીસ્ટ એ છે કે સલાહ આપવી સારી કે લેવી સારી ? અઘરું તો છે પણ ઘણા સલાહ ઈચ્છુકો પણ એવા હોશિયાર હોય કે નક્કી કરીને જ સલાહ લે અને જો તમે એણે માંગવા ધારેલી સલાહથી વિપરીત સલાહ આપવા માંડો તો મારી મચડીને એની મનવાંછિત સલાહ સુધી તમને પહોચાડી જ દે...! અસલમાં સલાહ લેવા કરતા સલાહ આપવી વધુ અઘરી છે. પૂછો કયું ? એ એટલા માટે કે આપેલી સલાહ જ શ્રેષ્ઠ છે એવું સલાહ માંગનારના દિમાગમાં ઠસાવવા જે મહેનત કરવી પડે છે એ અત્યંત કઠીન છે. એવું પણ બને કે તમારી સલાહ પેલાના પલ્લે ના પણ પડે તો સલાહ આપનારે સતત એ વાતનું ધ્યાન રાખવું પડે કે એણે આપેલી સલાહથી ઉલ્ટું થયું તો તરત જ 'મારી સલાહ માની હોત તો આમ થાત નહિ' ની બાંસુરી બજાવીને 'માય સલાહ વોઝ બેસ્ટ' ' સાબિત કરતા રહેવું પડે ...! એનીવે ઓન એ સીરીયસ નોટ એક વાત સમજી લો કે તમારા ખુદ કરતા કોઈ વધુ સારો સલાહકાર હોઈ શકે નહી અને ઈન્કેઈસ કોઈની સલાહ લેવાની થાય તો ઉતાવળે એનો અમલ કર્યા વગર એ સલાહને એક માર્ગદર્શન તરીકે લેવી પડે અને એમાં પોતાની પરીશ્થીતી મુજબ આકલન કરવું પડે. સાવ એવું પણ નથી કે બધી જ સલાહો નિરુપયોગી હોય છે, અસલમાં સમજુ અને ડાહ્યા માણસની સાચી સલાહ ઉપયોગી બની શકે છે પણ આ સમજુ અને ડાહ્યાની વ્યાખ્યા તમારે નક્કી કરવી પડે અને હા સલાહ લેવી એમાં કાઈ ખોટું નથી પણ એ સલાહનો ઉપયોગ અને અમલ કેટલો કરવો એ તો તમારે જ નક્કી કરવું પડે...! આ હતી મારા તરફથી છેલ્લી સલાહ..!

**વિસામો**

'ડાહ્યા માણસો સલાહ પર વિચાર કરે અને મુર્ખાઓ એનો તરત અમલ કરે'

**- શાહબુદીન રાઠોડ**